ઈ-મેગેઝીન • વર્ષ : ૮ • સળંગ અંક : ૩૮૮ • તા. ૧૫ નવેમ્બર થી ૨૧ નવેમ્બર ૨૦૨૫

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, C/o. Jaydeep Group, # 203, Jaydeep Emphasis, 2nd Floor, Opp. PNB Bank, Near Datta Mandir, Above Saraswat Bank, Waghle Estate, Thane (West), Mumbai - 400 604.

# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર


# 'મેલબો મેલધો ત ખેલબો'



# શ્રી ક.દ.ઓ.જૈન પશ્ચિમ એકમ ગુજરાત દ્વારા KBN નેટવર્કનું મુંબઈ મધ્યે સેમિનાર યોજાયો

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member



SHUBH
DIAMONDS


RAJESH MOMAYA
9884149494

# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444

www.shubhdiamonds.com Contact : 9884899494 E.Mail : pratik.mota@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા

-: સંપાદક ગણ :-

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા

-: કાર્યાલય :-

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan

C/o. Jaydeep Group, # 203, Jaydeep Emphasis, 2nd Floor, Opp. PNB Bank, Near Datta Mandir, Above Saraswat Bank, Waghle Estate, Thane (W), Mumbai - 400 604.

જ્ઞાતિમૈયા હવે નેટ પર....

http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com

**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.



# મૌન એટલે અવ્યક્ત ભાષા

અનુભવીઓએ જણાવે છે કે મૌન રહેવાથી અદ્ભૂતિ શક્તિ સંચય થાય છે. જ્યારે મૌન રહીએ છીએ ત્યારે વિચારવાનું બંધ કરતાં નથી. માત્ર વાણીને વાચાને પ્રગટ કરવાનું બંધ કરીએ છીએ. એટલે વાચા વિલાસથી જે શક્તિનો વ્યય થાય છે તે આંતરિક રીતે શક્તિ સંચિત કરે છે. આમ મૌન રાખવાથી આંતરિક તાકત વધે છે. ઘણા લોકો દર અઠવાડિયે એક દિવસ મૌન વ્રત ધારણ કરે છે, તો કોઈ વાર તહેવાર પ્રસંગે દા.ત. નવરાત્રિના દિવસોમાં ઉપવાસ સાધના કરતાં મૌનવ્રત ગ્રહણ કરે છે. તો જૈન ધર્મી પર્યુષણ પર્વમાં તપ ધર્મ આરાધના સાથે મૌન વ્રત ધારણ કરી અંતર તપોબળ વધારી ઉર્જાનું સંચય કરે છે. મૌન રહેવું એ તપ કે સાધના કરવા બરાબર છે. ઉપવાસમાં જેમ આહારની બંધી છે એમ મૌન એ વ્યય વાણી વિલાસ માટેનું પ્રતિબંધ છે. જે અંતરમન માટે સફાઈનું કામ કરે છે.

મૌનની વિશેષતા બતાવતી એક ઉકિત છે 'નવ બોલવામાં નવ ગુણ' એની વિરૂધાર્થી કહેવત છે, 'બોલે એના બોર વહેંચાય.' સતત બોલ બોલ સાંભળવાથી જેમ માનસિક ત્રાસ થાય છે. મગજની કમાન છટકી જાય એવી પરિસ્થિતિ સર્જાય છે. ત્યારે સતત મૌન, નિરવ શાંતિ અને એકાંતથી સર્જન પ્રક્રિયાનો માહોલ મળે છે. જેમાં એકચિતથી સર્જન શક્તિ મળે છે, કૃતિ સર્જવા માટેની પ્રેરણા મળે છે. બેફામ બોલવું, બેધડક બોલવું, ગમે તેમ બોલવું, નાના મોટાની આમન્યા જાળવ્યા વગર બોલવું એ નુકસાન તો કરાવે છે. સાથે સાથે ક્લેશ વેરઝેર સર્જે છે. એટલે વાણી પર અંકુશનું કામ મૌન કરે છે. મૌન એ વાણી માટેનું સ્પીડ બ્રેકર છે. જેના લીધે ગતિ અવરોધ સર્જાય છે અને વાણી વિલાસ ન થાય એનો આપણને ભાન કરાવે છે.

જીવન વ્યવહારમાં ઘણા પ્રસંગો એવા હોય છે. જ્યાં બોલવા કરતાં ન બોલવામાં લાભ સમાયેલો હોય છે. ન બોલવાથી ઘણીવાર મોટી નુકસાનીમાંથી બચી જવાય છે. બેધડક બોલવાથી સામેવાળી વ્યક્તિને આવેશ આવે ઉશ્કેરાટ થાય, મતભેદ થાય કે ઉગ્રવાદ વિવાદ પણ થાય છે. જે ન બોલવાથી માત્ર મૌન રહેવાથી આવી પરિસ્થિતિ સર્જાતી અટકે છે. તે છતાં એ પણ હકીકત છે કે જ્યાં બોલવાનું હોય ત્યાં ચૂપ રહેવાથી પણ નુકસાન થાય છે, આપણું કાં તો સામેવાળાનું. માટે જ માપસર બોલવું, માફકસર બોલવું અને સમય સંજોગોનો તકાદો સમજી વાણીનો વ્યય કરવું એ ઉત્તમ વ્યવહારની કૂંચી બની રહે છે.

અંતમાં એટલું જ કહેવાનું રહ્યું કે મૌન એક અસરકાર ભાષા માત્ર નથી એક અવ્યક્ત ભાષા છે અને અક્સીર જીવન વ્યવહારનું ઉત્તમ માધ્યમ છે. સુમેળ-સંકલન કરી આપતું સાધન છે. તે એક તપ સાધના સાથે જીવન ઉન્નતિ માટેનો ઉત્તમ ઉપાય છે. મૌન એ મનની સાથે મનની ઉર્જા સ્તોત્રનું સર્જન કરતું ઉત્તમ સાધન છે, સર્જન છે.

જય જ્ઞાતિમૈયા

# મા તે મા

માતા એ ઈશ્વરનું બીજું રૂપ છે. સ્ત્રીના જીવન દરમ્યાન અનેક રૂપો અનેક સંબંધોથી તે માનવજીવને ઉપયોગી થાય છે. તે પોતાના જીવન દરમ્યાન ઉંમરના દરેક તબક્કે, સંબંધોમાં અને વ્યવહારમાં તેના રૂપો અનેક પ્રગટ થાય છે. પણ મા તરીકેનું સ્વરૂપ મા તરીકેની સંવેદના હમેંશા એના એ જ રહે છે. જે જીવન આ જગતમાં આવે છે તેને માનો ખોળો ખુંદવા મળે તેનાથી મોટું કોઈ ઐશ્વર્ય નથી. એટલે કહેવાયું છે કે સ્વર્ગમાં મા નો ખોળો મળશે કે નહી તે કોઈને ખબર નથી પણ માના ખોળામાં સ્વર્ગનું શાશ્વત સુખ સમાયેલું છે એ હકીકત છે.

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

પુત્રી તરીકે ઘરના ખૂણે ખૂણે કિલ્લોલથી કિલ્લકારી કરતી પુત્રી પછી કુમારી ત્યારબાદ કિશોરી તે પછી યુવતી થયા બાદ માતા પિતાનો ઘર છોડી પરાયા ઘરે પોતાના ઘર સંસાર વસાવે છે. આમ નારી બનેલી હવે ખુદ તેને મળેલી સર્જનશક્તિના બળે માનું રૂપ ધારણ કરે છે. આ રૂપમાં તે માત્ર સર્જનશક્તિનો નહીં પણ સહનશક્તિનો પણ અગાધ પરિચય આપે છે. નવ નવ મહિના પોતાના ઉદરમાં શિશુને સાચવી તેની સંભાળ લેવાની ધૈર્ય શક્તિ તેનામાં અમાપ છે. ખરેખર કોઈ મહિલા શક્તિ જ આવું પડકાર રૂપ કાર્ય કરી શકે. પુરૂષ તો ભ્રૂણનું બીજ રોપી આપે પણ પછી તેને પોષણ આપવાનું, રક્ષણ આપવાનું, વિકાસ કરવાનું અને પીડા ભોગીને તે જીવને પૃથ્વી પર અવતરિત કરવાનું કામ તો માત્રને માત્ર મહિલા જ કરી શકે છે. એક બાળકને પોતાના પેટમાં હેમખેમ સાચવવા અને જન્મ આપવા મહિલાની કેટલી શક્તિ અને સહનશક્તિ લેવાય છે, તે તો એક માતા જ કહી શકે.

સાચું કહીએ તો આવી સ્થિત શક્તિ, સંયમ શક્તિ, સ્નેહ શક્તિ અને સર્જન શક્તિ તો એક મહિલા જ ધરાવી શકે ખરી રીતે જોઈએ તો મહિલા કોઈ પણ સ્વરૂપમાં હોય તો શક્તિનો મહાસાગર છે. તેના મનની સ્થિરતા હિમાલયનો બરફ બની શકે છે તો ગતિવાન બનીને ગંગાનો ઉછાળા મારતો જળ પ્રપાત પણ બની જાય છે. પુરૂષ ભલે તાકાતમાં શક્તિશાળી હોય ભલે પણ, અન્ય રીતે સ્ત્રી દરેક બાબતમાં પુરૂષથી આગળ છે. પ્રકૃતિ પુરૂષ કરતાં મહિલાને વધુ સમજ શક્તિ-મેચ્યોરિટી, સર્જનશક્તિ અને સહનશક્તિ આપી છે. એટલે જ સનાતન ધર્મમાં દેવ જેટલો જ દરજ્જો દેવીને અપાયો છે. એટલે દેવોની સમકક્ષ રીતે દેવીઓની પૂજા થાય છે.

પુરૂષનું મુખ્ય કામ પરિવાર માટે કમાણી કરવાનું છે. પણ હવે જમાનો બદલાયો છે. સ્ત્રી પણ ઉચ્ચ શિક્ષણ પામી પતિના ખભેખભા મેળવી કમાણી અર્જિત કરે છે. પુરૂષ નોકરી ધંધાથી ઘરે આવે એટલે સોફા પર પગ લંબાવી હાથમાં રિમોટ લઈ ટીવી જાયા કરે. પણ પત્ની ઓફિસેથી આવીને સીધી રસોડામાં જઈને પરિવાર માટે ભોજન બનાવવા માટે વ્યસ્ત થઈ જાય છે. સ્ત્રીનું સશક્તીકરણ થયું છે પણ હજી સમાજમાં પરિવારમાં પુરૂષોનું આધિપત્ય છે. સ્ત્રી ગર્ભમાં બાળકને ધારણ કરી પોષે છે, પછી તેને ઉછેરે છે, દિવસ રાત તેની પાછળ એક કરે છે. આમ પ્રકૃત્તિએ આપેલી આ જવાબદારી નિભાવીને પણ તે બહારના કામ બખૂબીથી અને સહજતાથી નિભાવે છે. પુરૂષ જેટલી થકાવટ તેને પણ લાગે છે. પણ તેની હિંમત ધૈર્ય અને ફરજો પ્રત્યેની વફાદારીને લીધે તે દિવસભર કામમાં રચીપચી રહે છે.

સ્ત્રીમાં કુદરતે અફાટ શક્તિ ભરી છે. તેની છાતી, તેનું ઉદર પુરૂષો કરતાં અનેક ગણું ફ્લેકિસબલ છે. તેની છાતીમાં દૂધ રૂપી તો, ઉદરના ગર્ભમાં જીવન રસ રૂપી પ્રવાહી શક્તિ સંજીવનીનું વહન કરી શકે છે. તે માત્ર તનથી જ નહી મનથી પણ ફ્લેક્સિબલ છે તેથી જ તો વિપરીત પરિસ્થિતિમાં પણ તૂટતી નથી. દુઃખ અને આઘાતને પુરૂષ કરતાં અનેક ગણી રીતે વધુ સહન કરવા સમર્થ છે. કારણ કે તે મા છે. માનાં તોલે કોઈ આવી શકે નહીં.


**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 154 x 230 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 154 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# જ્ઞાતિજનોને આહ્‌વાન

**આપણી જ્ઞાતિની વિરાસત ભવિષ્યમાં સચવાયેલી રહે સાથો સાથ આજની પેઢીને આપણી જ્ઞાતિની સંસ્કૃતિ-સંસ્કાર અને વિરાસતની આધારભૂત માહિતી મળે એ જરૂરી છે. જે માટે સમસ્ત મહાજન દ્વારા જ્ઞાતિ ગ્રંથનું સંકલન કરવાનું આયોજન છે. જે માટે માહિતી સંકલિત કરાઈ રહી છે.**

જ્ઞાતિના સૌ મહાજનો/સંસ્થાઓ/વ્યક્તિઓ સૌને જણાવવાનું કે આપની પાસે આપણી જ્ઞાતિ વિષેની માહિતી, વિગત, જાણકારી હોય તે લખીને ફોટા સાથે ઈમેઈલ **kdogranth@gmail.com** ઉપર મોકલવા વિનંતી

અથવા

**શ્રી સમસ્ત કેડીઓ જૈન મહાજન કેડીઓ મીડિયા સમિતિ**

બી-૩, કૃષ્ણ કુંજ, ગ્રાઉન્ડ ફ્લોર, વાલજી લધ્ધા રોડ, વિકાસ પ્લાઝોની પાસે, મુલુંડ(વેસ્ટ).

**વધુ વિગત માટે સંપર્ક**

**98690 05403 / 98330 72879**

## ‘મેલબો મેલધો ત ખેલબો’

# શ્રી ક.દ.ઓ.જૈન પશ્ચિમ એકમ ગુજરાત દ્વારા KBN નેટવર્કનું મુંબઈ મધ્યે સેમિનાર યોજાયો



તા.૧૫ નવેમ્બર શનિવારના રોજે ઘાટકોપર VLVG સ્થાને શ્રી ક.દ.ઓ.જૈન પશ્ચિમ એકમ ગુજરાત દ્વારા KBN નેટવર્ક મિટિંગનું આયોજન કરાયું હતું. જેમાં ૩૦ જેટલા પ્રતિનિધિઓ સહભાગી થયાં હતા. આ મિટિંગનો હેતુ લીડસ શેર કરીને અને રિફેલ સંપર્કો શેર કરીને એકબીજાને મદદ કરવાનો છે. જેને લીધે દરેકને વ્યવસાય વિકસીત કરવા માટે મદદ મળે. વ્યવસાય સ્વ પરિચય. એકથી એક મિટિંગ કરી કેડીઓ કંપનીઓ પાસેથી લીડસ ખરીદી વ્યવસાય માટે તકો ખોલવાનો છે.




# 'મેલબો મેલધો ત ખેલબો' : શ્રી ક.દ.ઓ.જૈન પશ્ચિમ એકમ ગુજરાત દ્વારા KBN નેટવર્કનું મુંબઈ મધ્યે સેમિનાર યોજાયો



પ્રકાશ સમીક્ષાના હીરાચંદભાઈ દંડ હાજર રહ્યા અને મિટિંગમાં પોતાનું અમૂલ્ય માર્ગદર્શન આપી પ્રતિનિધિઓને પ્રેરણારૂપ બન્યા હતા. સમસ્ત મહાજનની મિડિયા સમિતિના જયંતભાઈ છેડાએ પણ જ્ઞાતિમૈયામાં ફક્ત રૂા.૧૦૦માં એ-૪ સાઈઝમાં ડેલિગેટસ બિઝનેસ જાહેરાતો પ્રકાશિત કરવાની ઓફર આપી હતી.



# ‘મેલબો મેલધો ત ખેલબો’ : શ્રી ક.દ.ઓ.જૈન પશ્ચિમ એકમ ગુજરાત દ્વારા KBN નેટવર્કનું મુંબઈ મધ્યે સેમિનાર યોજાયો






અત્રે સાનંદ જણાવવાનું કે હાલે પ્રાપ્ત ડેટા મુજબ ૩૦૦ થી વધુ સંદર્ભો એકઠાં થયાં છે જે એક નોંધપાત્ર સિધ્ધિ અને નેટવર્કની સામૂહિક શક્તિનું પ્રતિબિંબ પાડે છે.

VLVG ના ટ્રસ્ટી અને સમગ્ર સ્ટાફ તથા કોર્ડનેટરનો આભાર તેમજ સત્રમાં હાજર સર્વે પ્રતિનિધિઓનો પણ KBN ના આગામી વધુ કાર્યક્રમો માટે જ્ઞાતિજનોએ KBN-૧ વોટસએપ ગ્રુપમાં જોડાવવા માટે હાર્દિક અપીલ છે.





# શ્રી ભલારાદાદાનો સુથરી મધ્યે ૨૯મો ધ્વજા મહોત્સવ ઉજવાયો



પ.પૂ.શ્રી ભલારાદાદા (નાકા બહારનું સ્થાન)ની ૨૯મી વર્ષગાંઠ ધ્વજા મહોત્સવ આનંદ અને હર્ષ સાથે બહોળી સંખ્યામાં ભાવિકોની વચ્ચે ધામ ધૂમ પૂર્વક ઉજવાયું. ભાવિકોએ ઉત્સાહભેર સવારથી જ ભાગ લેવા સુથરી ગામે પહોંચી આવેલ હતાં. સૌ પ્રથમ સંસ્થાના ભુવાશ્રી તેમજ મેનેજીંગ ટ્રસ્ટી શ્રી કિશોરભાઈ સાંયાએ વાર્ષિક અહેવાલ ઓડીટ થઈને આવેલ તે વાંચી સંભળાવેલ અને એ હિસાબને સૌ સભ્યોએ એને બહાલી આપેલ. ત્યારબાદ ધ્વજાની વિધિ વિધાન પ્રતિકભાઈ જોષી દ્વારા પૂજન વિધિ તેમજ શ્રીફળ હોમવાની વિધિ ભાવિકશ્રી ભૂવા શ્રી સાગરભાઈ ગાલાના કરકમલો દ્વારા કરવામાં આવી. ધ્વજાના ચડાવાની બોલી બોલતાં મુખ્ય પૂ. દાદાની ધ્વજાનો લાભ ભાવિક શ્રી મનીષભાઈ પ્રવીણભાઈ મોમાયા પરિવાર કચ્છ ગામ વરાડીયા હાલે કોઈમ્બતુરવાળાએ લીધેલ એમના વતીથી વરાડીયાથી ભાવિકો આવતાં એમણે ધ્વજા ચડાવવાવનો લાભ લીધેલ તેમજ દાદાને તિલક કરવાનો લાભ તેમજ દાદાને માળા પહેરાવવવાનો લાભ શ્રી રેખાબેન હીરાચંદ લાલકા, બાંડીયા હાલે ભુજવાળા તથા આરતીનો લાભ શ્રી મનીષભાઈ પ્રવીણભાઈ મોમાયા પરિવાર કચ્છ ગામ વરાડીયા હાલે કોઈમ્બતુર તથા શ્રી હનુમાનજીને તિલક તેમજ ધ્વજા ચડાવવાનો લાભ શ્રી લીલાવંતીબેન અનીલભાઈ છેડા, સુથરીવાળાએ લીધેલ હતો.



# શ્રી ભલારાદાદાનો સુથરી મધ્યે ૨૯મો ધ્વજા મહોત્સવ ઉજવાયો



ધ્વજા ચડાવ્યા બાદ સંગીતકાર કમલેશગીરી ગોસ્વામી ધ્વારા મહાઆરતી કરવામાં આવેલ. જેમાં સૌ ભાવિકોએ ભાવ સાથે આરતી ઉતારેલ ત્યારબાદ ભાવિકો તરફથી નૈવેદ પ્રસાદ ચડાવવામાં આવેલ.

આજના ધ્વજા મહોત્સવ પ્રસંગે ટ્રસ્ટીઓ જયેશભાઈ લાલકા, ભુજ, જીજ્ઞેશભાઈ છેડા, સુથરી, પ્રબોધભાઈ ધરમશી, ભુજ, તેમજ મીતેષ લોડાયા, વાંકુ, તથા ભાવિકો દિપકભાઈ ડાઘા તેમજ પદમભાઈ લોડાયા, ભરતભાઈ લોડાયા, આશાબેન ડાઘા, કલ્પનાબેન હેફા, લીલાવંતીબેન મુનવર, દીપ્તીબેન છેડા અને અન્ય ગામના ભાવિકો ધ્વજા મહોત્સવમાં શોભા વધારવા બહોળી સંખ્યામાં આવી લાભ લીધેલ. સવારની નવકારશી એક સદગૃહસ્થ તરફથી કરાવવામાં આવેલ તેમજ બપોરની પ્રસાદના દાતાશ્રી ભદ્રીકાબેન નરેશભાઈ લોડાયા, સુથરી હાલે અંકલેશ્વર/અંધેરી વાળા તરફથી કરાવવામાં આવેલ.

ભાવિકોએ પેડી પ્રસાદ અને અખંડ જયોતની કાયમી તિથિમાં પણ ઉત્સાહભેર આનંદથી પોતાની યાદગાર તિથિઓ લખાવેલ હતી. આગલા દિવસે સાંજે પ.પૂ.શ્રી ભલારાદાદાના પાઠની જયોત ભૂવાશ્રી કિશોરભાઈ સાંયાએ પ્રજલિત કરેલ અને જીજ્ઞેશભાઈ છેડાના સુપુત્ર આદિત્યને ભલારાદાદાના પાઠમાં બેસાડી એમને પૂ.દાદાના દાનીની વિધિ સંપન્ન કરાવી.

આ કાર્યક્રમની જહેમત પૂજારી શ્રી વિક્રમસિંહ જાડેજા તેમજ ભાવિકો વગેરેએ ઉઠાવેલ.



# છેડા ગોત્રના કુળદેવી શ્રી અંબામાતાની ૩૦મી સમૂહ પહેડી યોજાઈ

રવિવાર, તા.૯ નવેમ્બરના શ્રી ક.દ.ઓ.સમાજના છેડા ગોત્રના કુળદેવી શ્રી અંબામાતાની ૩૦મી સમૂહ પહેડીનું આયોજન મુલુંડની સારસ્વતવાડી મધે કરાયું. ૩૦૦ જેટલા ભાવિકજનોની ઉપસ્થિતમાં સવારના ૯.૧૫ કલાકે માતાજીની તેમજ શ્રી ગણપતિજીની શાસ્ત્રોક્ત રીતે સ્થાપના કરવામાં આવી હતી. ત્યારબાદ જે.કે.શાહ અને તેમના સાથી કલાકારોએ માતાજીના ભજનો અને સ્તવનોની રમઝટ જમાવી હતી. આ ભક્તિ સંગીત દરમ્યાન પધારેલ સર્વે ભાવિકોને માતાજીની શાસ્ત્રોક્ત વિધિ સાથે દર્શન લાભ કરાવવામાં આવ્યા હતા.













# છેડા ગોત્રના કુળદેવી શ્રી અંબામાતાની ૩૦મી સમૂહ પહેડી યોજાઈ

ગૌત્રની પરંપરા પ્રમાણે વિવિધ પાંચ ચડાવાના આદેશો આપવામાં આવ્યા હતા. ત્યારપછી બપોરના સરસ્વતી સન્માન, તપસ્વીઓનું બહુમાન તેમજ જ્ઞાતિમાં જેમની પાસે વિશેષ હુન્નર હતા તેમણે પોતપોતાના અનુભવ રજૂ કર્યા હતા. ત્યાર બાદ રાસ ગરબાનું આયોજન ડીજેના તાલે થયું હતું. પધારેલ સૌ સવારે નવકારશી તથા મધ્યાન સમયે સ્વામીવાત્સલ્યનો ન્યાય આપ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ઉજ્જવલા છેડા (કેનિયા) એ કર્યું હતું. ભવિષ્યમાં છેડા ગોત્ર વધુ સંગઠિત થાય તેની માટે એક યંગ બ્રિગેડ બનાવાઈ હતી. જેની દ્વારા સમયાંતરે વિવિધ આયોજન થશે અને છેડા ગોત્રને સંગઠિત કરવા તેઓ પ્રયાસ કરશે.

અંતમાં ચોવિહારનો સૌએ લાભ લીધો હતો. આમ સારી યાદોના સંભારણા લઈ છૂટા પડ્યાં હતા.















# પ.પૂ. મુનિરાજ શ્રી ધર્મશેખરસાગરજી મ.સા. એ સંયમ જીવનના ૧૮ વર્ષ પૂર્ણ કર્યા



વિક્રમ સંવત ૨૦૬૪ના કારતક માસ વદ ૧૦ તિથિ દિને કચ્છ ગામ નાની સિંધોડીના માવિત્ર વનિતાબેન સોમચંદ લખમશી ધરમશીના ધર્મ ગુણથી રંગાયેલા સુપુત્ર અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ના હસ્તે પાલીતાણા તીર્થે દીક્ષા ગ્રહણ કરી ગુરૂ પ.પૂ.ગણિવર્ય શ્રી ધર્મસાગરજી મ.સા.ના શિષ્ય તરીકે સંયમ જીવનનું નૂતન નામ પ.પૂ.મુનિરાજ શ્રી ધર્મશેખરસાગરજી મ.સા. ધારણ કરી મોક્ષ માર્ગ પથનું વિચરણ શરૂ કર્યું.

ધર્મ ભક્તિ આરાધના, તપ, ત્યાગ કરતાં કરાવતાં અસંખ્ય ભાવિકોને આત્મકલ્યાણ માર્ગનું જ્ઞાન આપતા આજે વિક્રમ સંવત ૨૦૮૨ના કારતક માસ વદ તિથિ ૧૦ દિને પૂજ્ય સાહેબ સંયમ જીવનના ૧૮ વર્ષ પરિપૂર્ણ કરી ૧૯મા વર્ષમાં મંગળ પ્રવેશ કર્યો છે. આ શુભ દિને સૌ ગુરૂભક્તોના મંગલ કામના છે કે પૂજ્ય સાહેબ રજત, સુવર્ણ, હીરકને અમૃત વર્ષ સુખરૂપ પાર કરી સર્વોચ્ચ એવા શતક વર્ષના શિખરે બિરાજમાન થાય. શત શત વંદન સાથે અભિનંદન.

# પ.પૂ. સાધ્વીશ્રી વર્ધમાનગુણાશ્રીજી મ.સા.નો સંયમ જીવનના ૧૯મા વર્ષમાં પ્રવેશ



કચ્છ ડુમરા ગામના માવિત્ર મીરાબેન રોહિતભાઈ પોલડીયાના ધર્મભક્તિ અને આત્મ કલ્યાણમાં લીન રહેતા સુપુત્રી વિક્રમ સંવત ૨૦૩૪ના કારતક માસ વદ ૧૦ તિથિ દિને પાલીતાણા મુકામે અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ના હસ્તે દીક્ષા ગ્રહણ કરી ગુરૂ પ.પૂ.સાધ્વીશ્રી તીર્થગુણાશ્રીજી મ.સા.ના શિષ્ય તરીકે સંયમ જીવનનું નૂતન નામ પ.પૂ.સાધ્વીશ્રી વર્ધમાનગુણાશ્રીજી મ.સા. સ્વીકારી સંયમ જીવન માર્ગ પર વિચરણ શરૂ કર્યું.

આજ કાલ કરતાં આજે વિક્રમ સંવત ૨૦૮૨ના કારતક માસ વદ તિથિ ૧૦ દિને પ.પૂ.સાધ્વીશ્રીએ સંયમ જીવનના ૧૮ વર્ષ પૂર્ણ કરી ૧૯મા વર્ષમાં પ્રવેશ કર્યો છે. આજના સપરમા દિને ભક્તોની શુભભાવના કે પૂજ્ય સાહેબ ધર્મ, તપ, ત્યાગ, ભક્તિ, આરાધના કરતાં કરાવતાં રજત, સુવર્ણ, હીરક અને અમૃત વર્ષ પૂર્ણ કરી સિધ્ધિ શિખર એવા શતક વર્ષ સુખરૂપે પૂર્ણ કરે એ શુભ કામના સાથે શત શત વંદના.



# પ.પૂ. સાધ્વીશ્રી અનંતયશાશ્રીજી મ.સા.એ સંયમ જીવનના ૪૯મા વર્ષમાં પ્રવેશ કર્યો

કચ્છ સાંયરાના માવિત્ર ગંગાબેન લધાભાઈ દેવરાજ પટેલના ધર્મભક્તિના રાગ રંગમાં રત રહેતા સુપુત્રી વિક્રમ ૨૦૩૪ના કારતક વદ ૧૦ તિથિ દિને સાંયરા નગરે અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરિશ્વરજી મ.સા.ના હસ્તે દીક્ષા સ્વીકારી ગુરૂમૈયા પ.પૂ.સાધ્વીશ્રી ચારૂપ્રજ્ઞાશ્રીજી મ.સા.ના શિષ્યા તરીકે નૂતન નામ પ.પૂ.સાધ્વીશ્રી અનંતયશાશ્રીજી મ.સા. ધારણ કરી સંયમ જીવનની સફર શરૂ કરી.

આજે વિક્રમ સંવત ૨૦૮૨ના કારતક માસ વદ તિથિ ૧૦ દિને પૂજ્ય સાહેબ ધર્મ, ભક્તિ, તપ, ત્યાગ અને આરાધના કરતાં કરાવતાં સંયમ જીવનના ૪૮ વર્ષમાં વર્ષ પરિપૂર્ણ કરી ૪૯ મા વર્ષમાં કુશલ મંગલ પ્રવેશ કર્યો. આજના સપરમા દિને ભાવિક ભક્તોની શુભકામના છે કે પૂજ્ય સાહેબજી સૌને આત્મ કલ્યાણનો બોધ-જ્ઞાન આપતાં ૨ વર્ષ પછી સુવર્ણ વર્ષ પૂરા કરી આગળ હીરક, અમૃત વર્ષને સિધ્ધિ શિખર સર્વોચ્ચ શતક વર્ષ પૂર્ણ કરે. શત શત અભિનંદન સાથે વંદન.

# પ.પૂ.સાધ્વીશ્રી મહાયશાશ્રીજી મ.સા.નો સંયમ જીવનના ૫૨ મા વર્ષમા પ્રવેશ



કચ્છ ગામ સુથરીના માવિત્ર માતુશ્રી મીઠીબાઈ પદમશી લોડાયાની ગુણ સંસ્કારી પુત્રી વિક્રમ સંવત ૨૦૩૧ના કારતક માસ વદ ૧૦ તિથિ દિને સુથરી નગરે અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરિશ્વરજી મ.સા.ના હાથે દીક્ષા સ્વીકારી ગુરૂમાતા પ.પૂ. સાધ્વીશ્રી ચંદ્રયશાશ્રીજી મ.સા.ના શિષ્યા તરીકે નૂતન નામ પ.પૂ. સાધ્વીશ્રી મહાયશાશ્રીજી મ.સા. સ્વીકારી સંયમ જીવન પથ પરનો પ્રવાસ પ્રારંભ કર્યો. ધર્મ, ભક્તિ, તપ, ત્યાગ, આરાધના કરતાં કરાવતાં રજત, સુવર્ણ વર્ષ ઉપરાંત અધિક ૧ વર્ષ એટલે કે સંયમ જીવનના ૫૧ વર્ષ પૂર્ણ કરી વિક્રમ ૨૦૮૨ના કારતક માસ વદ તિથિ ૧૦ દિને બહુમૂલ્ય એવા બાવન વર્ષમાં મંગલ પ્રવેશ કર્યો છે.

આ સિધ્ધિ દિને સૌ ભક્તોની કામના અંતરની ભાવના છે કે પૂજ્ય સાહેબજી સુખ શાતાપૂર્વક અવિરત આગળ વધતા રહી હીરક વર્ષ, અમૃત વર્ષ પાર કરી સર્વોચ્ચ શતક વર્ષના શિખરે બિરાજમાન થાય. સાહેબજીને શત શત વંદન સાથે હર્ષાભિનંદન.


## જ્ઞાતિમૈયામાં ડિજીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 154 x 230 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 154 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# પ.પૂ.સાધ્વીશ્રી ચંદ્રગુણાશ્રીજી મ.સા. એ સંયમ જીવનના ૧૯ મા વર્ષમાં પ્રવેશ કર્યો

કારતક વદ ૧૦ તિથિ વિક્રમ સંવત ૨૦૬૪ના શુભદિને કચ્છ નલિયાના માવિત્ર વિજયાબેન દિનેશભાઈ પદમશી લોડાયાના ધર્મ-ભક્તિમાં લીન રહેતા પુત્રી પાલીતાણા તીર્થે અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ના હાથે દીક્ષા સ્વીકારી ગુરૂમાતા પ.પૂ.સાધ્વીશ્રી નવકારગુણાશ્રીજી મ.સા.ના શિષ્યા થઈ નૂતન નામ પ.પૂ.સાધ્વીશ્રી ચંદ્રગુણાશ્રીજી મ.સા. સાથે સંયમ જીવન પથનો પ્રવાસ શરૂ કર્યો.

તપ, ત્યાગ, ધર્મ, ભક્તિ, આરાધના કરતાં કરાવતાં આજે વિક્રમ સંવત ૨૦૮૨ના કારતક વદ ૧૦ તિથિ દિને ૧૮ વર્ષ પૂરા કર્યા અને સંયમ જીવનના ૧૯મા વર્ષમાં પ્રવેશ કર્યો. આજના પાવન દિને ભક્તજનોની શુભકામના છે કે પ.પૂ.સાહેબ આ જ રીતે આગળ વધતા રહી રજત, સુવણ૪, હીરકને અમૃત વર્ષ પાર કરી સર્વોચ્ચ સિધ્ધિ શિખર એવા શતક વર્ષ પૂર્ણ કરે એ મંગલકામના સૌ ગુરૂભક્તો કરે છે. મ.સા.ને શત શત વંદન.



# પ.પૂ.સાધ્વીશ્રી મલ્લિગુણાશ્રીજી મ.સા. એ સંયમ જીવનના ૧૮ વર્ષ પૂર્ણ કર્યા



મોટી સિંધોડી ગામના માવિત્ર કલ્પનાબેન જયેશભાઈ મૈશેરીના ધર્મ અને તપ, ત્યાગમાં રમમાણ રહેતા પુત્રી વિક્રમ સંવત ૨૦૬૪ના કારતક માસ વદ તિથિ ૧૦ દિને પાલીતાણા તીર્થે અચલગચ્છાધિપતિ પ.પૂ. આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ના હસ્તે દીક્ષા ગ્રહણ કરી સંયમ જીવન પથ પર ગુરૂમૈયા પ.પૂ.સંયમગુણાશ્રીજી મ.સા.ના શિષ્યા તરીકે નૂતન નામ પ.પૂ.સાધ્વીશ્રી મલ્લિગુણાશ્રીજી મ.સા. નામ ધારણ કરી વિચરણ શરૂ કર્યું.

આ વર્ષ વિક્રમ સંવત ૨૦૮૨ના કારતક વદ ૧૦ તિથિ દિને પૂજ્ય સાહેબજી તપ-ત્યાગ, ધર્મ, ભક્તિ, આરાધના કરતાં કરાવતાં ૧૮ વર્ષ પૂર્ણ કરી સંયમ જીવનના ૧૯મા વર્ષમાં પ્રવેશ કર્યો છે. આ મંગલ દિવસે સૌ ભક્તજનોની શુભકામના સદ્‌ભાવના કે પૂજ્ય સાહેબ સૌ પર આશીષ વરસાવતા રજત, સુવર્ણ, હીરક અને અમૃત વર્ષથી આગળ વધી ઉચ્ચ શિખર એવા શતક વર્ષના ટોચે બિરાજમાન થાય. આદર સાથે અભિનંદન અને શત શત વંદન.

અચલગચ્છાધિપતિ શ્રી એ બાલ બ્રહ્મચારી, દીર્ઘ સંયમી,

**ગુરૂમૈયા પરમ પૂજ્ય સાધ્વી શ્રી હંસાવલીશ્રીજી મહારાજ સાહેબ ને**

પ્રવર્તિની મહતરા સાધ્વી મુખ્યા પદે અલંકૃત કર્યા તે

માનમાં વિશેષ પૂર્તિ જ્ઞાતિમૈયા માં



આ વિશેષ પૂર્તિ માટે

**ગુરૂમૈયા પ.પૂ.સાધ્વી**

**શ્રી હંસાવલીશ્રીજી મ.સા.ને**

આપ તેમના પ્રત્યેની

અનુમોદના,

આદરભાવ

તેમજ તેમના

સાથેના સંસ્મરણો

લખીને મોકલો

**આપ આપની જાહેરાત પણ આપી શકો છો**

**કલર ફુલ પેજ રૂા.૧૦૦૦/-**


Kumar Dand - 99209 35414

Manisha Lalka - 9820545734

Varsha Lodaya - 9833072879

Email : gyatimaiya2018@gmail.com

# પ.પૂ.મુનિરાજ શ્રી અર્હતોદયસાગરજી મ.સા. સંયમ જીવનના ૫મા વર્ષમાં પ્રવેશ કર્યો



કચ્છી કોઠારાના ખમાવંતીબેન/જયાબેન પ્રબોધભાઈ હીરાચંદ મુનવરના ધર્મ ભક્તિના રંગમાં રંગાયેલા પુત્ર નામે અજેશકુમાર સંયમ માર્ગે જવાના મક્કમ ભાવ સાથે વિક્રમ સંવત ૨૦૭૮ના કારતક વદ ૧૧ તિથિ દિને ભુજ સ્થળે પ.પૂ. આ.ભ,.શ્રી કવીન્દ્રસાગરસૂરિશ્વરજી મ.સા.ના હાથે દીક્ષાગ્રહણ કરી ગુરૂ પ.પૂ.મુનિરાજ શ્રી ભાગ્યોદયસાગરજી મ.સા.ના શિષ્ય તરીકે નૂતન નામ પ.પૂ.મુનિરાજ અર્હતોદયસાગરજી મ.સા. ધારણ કરી સંયમ જીવન પથના પ્રવાસનો પ્રારંભ કર્યો.

ત્યાગ, તપ, ધ્યાન, ધર્મ, ભક્તિ, આરાધના કરતાં કરાવતા વિક્રમ સંવત ૨૦૮૨ના કારક વ દ ૧૧ તિથિ દિને સાહેબજીએ સંયમ જીવનના ચાર વર્ષ પૂર્ણ કરી પાવન ૫મા વર્ષમાં પ્રવેશ કર્યો. આજના શુભ મંગલ દિને ભક્તજનોની શુભકામના કે પૂજ્ય સાહેબ આજ રીતે ધર્મ માર્ગે ભક્તિ આરાધના કરતાં કરાવતાં અવિરત આગળ વધતા સંયમ જીવનના દસ, વીસથી આગળ રજત, સુવર્ણ, હીરક અને અમૃત વર્ષથી પણ વધુ સર્વોચ્ચ એવા શતક શિખરે બિરાજે શત શત વંદના.


# જખૌ તીર્થે દીક્ષા અભિલાષી મુમુક્ષુ મૈશેરી પરિવારનું બહુમાન થયું





અબડાસા ક્ષેત્રના જખૌ તીર્થે દીક્ષા મનોરથ મુમુક્ષુ મૈશેરી પરિવારના મુમુક્ષુ પિતા રાજેશભાઈ મૈશેરી, મુમુક્ષુ માતા ખ્યાતિબેન મૈશેરી અને મુમુક્ષુ પુત્રવીર મૈશેરીનું સંઘ દ્વારા ભાવપૂર્વક બહુમાન કરાયું હતું.

# માતુશ્રી કુંવરબાઈ નરશીનાથા મહિલા ગૃહઉદ્યોગ ટ્રસ્ટના ભાંડુપ નૂતન પ્રિમાયસેસના સહાયક લાભાર્થીની ઉદારતાને વંદન





શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ સંચાલિત માતુશ્રી કુંવરબાઈ નરશી નાથા મહિલા ગૃહઉદ્યોગ ટ્રસ્ટની ભાંડુપ મધે ગૃહ ઉદ્યોગના નવા વાસ્તુ માટે નૂતન પ્રિમાયસેસના સહાયક લાભાર્થી તરીકે સાંધવ મુલુંડના માતુશ્રી વિમલાબેન ઠાકરશી લોડાયા-પટેલએ રૂા.૧,૦૧,૦૦૦ એક લાખ એક હજારનું ઉદાત અનુદાન આપી લક્ષ્મીને મહાલક્ષ્મી બનાવી ટ્રસ્ટના સુકૃતને સાકાર કરવા ઉદાર સહયોગ આપ્યો છે. જે માટે ટ્રસ્ટવતીથી મેનેજીગ ટ્રસ્ટી વીરેન્દ્ર ભવાનજી લોડાએ દાતા પરિવારની ભૂરી ભૂરી અનુમોદના વ્યક્ત કરી છે.

---

# શ્રી શાંતિ જિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈ દ્વારા ભદ્રેશ્વર તીર્થે વીર પાર્શ્વ ભદ્રેશ્વર મહોદય હેમ-વિમલા શાંતિજિન આત્માનંદી અઠ્ઠમ તપનું આયોજન

શ્રી શાંતિ જિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈના ઉપક્રમે કચ્છના ભદ્રેશ્વર તીર્થે ત્રિદિવસીય વીર પાર્શ્વ ભદ્રશ્વર મહોદય હેમ વિમલા શાંતિ જિન આત્માનંદી અઠ્ઠમ તપનું આયોજન તા.૮ જાન્યુઆરી ગુરૂવાર થી તા.૧૦ જાન્યુઆરી શનિવાર સુધી આયોજન કરાયું છે. અઠ્ઠમ તપના ભાગ્યશાળી લાભાર્થી પરિવાર માતુશ્રી હેમલતાબેન નલિનકાંત પદમશી લોડાયા પીર, સુથરી-મુલુંડ તથા માતુશ્રી વિમલાબેન ઠાકરશી લાલજી લોડાયા પટેલ, સાંયરા-મુલુંડ

પોષ વદ ૪ મંગળવાર તા.૬ જાન્યુઆરીના મુંબઈથી પ્રયાણ, તા.૭ જાન્યુઆરી બુધવારના શ્રી ભદ્રેશ્વર તીર્થ આગમન, નવકારશી સેવા-પૂજા, અતરપારણ, તા.૮ થી ૧૦ જાન્યુઆરી ગુરૂવારથી શનિવાર ત્રિદિવસીય અઠ્ઠમ તપ, તપસ્વી પારણા તથા પ્રયાણ તા.૧૧ જાન્યુઆરી રવિવારનો ત્રણે દિવસ સંગીતમય વિવિધ અનુષ્ઠાનો રાત્રી ભાવના રહેશે.

મુંબઈથી આવનાર તપસ્વીઓને આવવા જવાનું અને ગાંધીધામથી ભદ્રેશ્વર રીર્ટન ભાડુ ટિકીટ બતાવી ભદ્રેશ્વરમાં રૂા.૧૨૦૦ આપવામાં આવશે. કચ્છથી આવશે તેમને બસ ભાડું આપવામાં આવશે. એસીની ટિકીટના રૂપિયા આપવામાં આવશે નહીં. ભદ્રેશ્વર (વસઈ) જૈન તીર્થ તા.મુન્દ્રા કચ્છમાં જે ભાગ્યશાળી અઠ્ઠમ કરશે એને જ ડિપોઝીટ રીફંડ મળશે. આરાધકોએ ફોર્મ સાથે રૂા.૫૦૦ ડિપોઝીટના ભરવાના રહેશે. જે ગુગલ પેથી જમા કરવાના રહેશે. હિતેશ લોડાયા-૮૦૮૦૧૦૧૬૦૦ને ફોર્મ સ્કેનર ઉપર ભરવાનું રહેશે.

વધુ વિગત માટે ગોંવિદજી પટેલ લોડાયા-૯૮૨૦૫૪૦૯૪૯, કિરણ દંડ-૯૮૩૩૮૦૮૨૪૪, ચેતન ખોના-૬૩૫૨૨૨૩૯૭૧, રાજભાઈ-૯૩૨૦૯૦૧૪૫૩

# શ્રી કચ્છી દશા ઓસવાલ જ્ઞાતિની યુવા પેઢીનું ત્રિદિવસીય આંતરરાષ્ટ્રીય યુવા સંમેલન સ્ટેચ્યુ ઓફ યુનિટી સ્થળે



રાષ્ટ્રના પ્રથમ નાયબ વડાપ્રધાન અને પ્રથમ ગૃહમંત્રી સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતીને લક્ષમાં લઈ અને તેમના એકતાના સંકલ્પ પરથી પ્રેરણા લઈ શ્રી કચ્છી દશા ઓસવાલ જ્ઞાતિની યુવા શક્તિને એક પ્લેટફોર્મ ઉપર લાવવા તા.૨૦ ડિસેમ્બર શનિવારથી સોમવાર તા.૨૨ ડિસેમ્બર સુધી ત્રણ દિવસનું આંતરરાષ્ટ્રીય યુવા સંમેલનનું ભવ્ય આયોજન કરાયું છે. ભારત ઉપરાંત ૬ થી વધુ દેશોમાંથી ૭૦૦ થી વધુ યુવાનો સહભાગી થશે. સરદાર પટેલનો સંદેશો 'એકતા જ રાષ્ટ્રની શક્તિ અને સમાજનો શ્વાસ છે'. આ ભાવનાને જીવંત કરવાની સાથે ચરિતાર્થ કરવા ભારત ઉપરાંત અમેરિકા, લંડન, ન્યુઝીલેન્ડ, કેનેડા, જર્મની, યુએઈ વસતી દશાઈઓની યુવા પેઢી આપસમાં ઓળખ કરવાની સાથે નેટવર્કિંગ અને આત્મીયતાનું જીવંત મંચ તૈયાર કરશે.

સંમેલન અંતર્ગત ૨૧મી ડિસેમ્બર ૩૦૦ મીટર લાંબી તિરંગા યાત્રા-યુવા એકતા દિવસ તરીકે ઉજવાશે. ૩૦૦ થી વધુ યુવાઓ ખાસ પર્ફોર્મન્સ રજૂ કરશે. મુંબઈ જ્ઞાતિ મહાજનના પ્રમુખ નયન અશોકભાઈ ભેદાના જણાવ્યા મુજબ ૨૦૧૮ના નલિયા ખાતેના ચતુર્થ જ્ઞાતિ સંમેલન પછી પ્રથમ વાર યુવા શક્તિ આંતરરાષ્ટ્રીય સ્તરે એકતાના મંચે જોડાશે. લગ્ન માટે વિકલ્પો, આંતર જ્ઞાતીય લગ્નની સમસ્યા, વ્યવસાયિક નેટ વર્કિંગ અને સામાજિક ભાગીદારી જેવા વિવિધ મુદ્દાઓને એક પ્લેટફોર્મ ઉપર લાવી યુવાઓ વચ્ચે મજબૂત સંબંધો વિકસાવાશે. જ્ઞાતિ મહાજનના મંત્રી ચેતન મોતાના જણાવ્યા પ્રમાણે વિવિધ દેશોમાં વસતા ૧૫ થી વધુ જ્ઞાતિજનો આ સંમેલનમાં મદદરૂપ બન્યા છે. સોશિયલ મીડિયા દ્વારા વિદેશમાં જાગૃતિ ચલાવવામાં આવતા ૧૦ થી ૧૨ જેટલા યુવાનો ખાસ આ કાર્યક્રમ આયોજનની પૂર્વ તૈયારીઓ કરવા માટે સંમેલન સ્થળ કેવડીયા આવશે.

ત્રિદિવસીય યુવા આંતરરાષ્ટ્રીય યુવા સંમેલનના કાર્યક્રમ મુજબ પ્રથમ દિવસે તા.૨૦ ડિસેમ્બર સવારે ૧૧ વાગે ઓપનિંગ સેરેમની પછી ગ્રુપ એક્ટિવિટી રાત્રે કેડીઓ કોલ્ડ પ્લે તા.૨૧ ડિસેમ્બર બીજા દિવસે સવારે ૭ વાગે તિરંગા યાત્રા, બપોરે સાંસ્કૃતિક કાર્યક્રમો અને ટેલેન્ટ શૉ રાત્રે સૂફી નાઈટ, તા.૨૨ ડિસેમ્બરના અંતિમ દિવસે સવારે ૧૦ વાગે ટોક શરૂ અને મોટી વેશનલ કાર્યક્રમો.

યુવા સંમેલનના કોર્ડિનેટર અનુજ લોડાયાએ જણાવ્યું કે જે યુવાઓ સ્ટાર્ટઅપ કે વ્યવસાયમાં આગળ વધવા ઈચ્છે છે તેમને સમાજ દ્વારા માર્ગદર્શન અને સહાયતા પણ પૂરી પાડવામાં આવશે. વ્યક્તિગત રીતે હાજર ન રહી શકતા અને વિદેશમાં વસતા યુવાઓ માટે ઓનલાઈન જોડાવાની સુવિધા પણ ઉપલબ્ધ કરાવાશે.



# કરિશ્મા લોડાયા એ ડેન્ટિસ્ટની માસ્ટર ડિગ્રી સફળપણે ઉતીર્ણ કરી

કોઠારા જલગામના નીતાબેન નીતિન વર્ધમાન લોડાયાની પુત્રી કુ. કરિશ્માએ ડેન્ટિસ્ટની માસ્ટર ડિગ્રી સફળત રીતે ઉતીર્ણ કરીને BDS, MDS/Periodontology and Oral Implantology ની ઉપધિ પ્રાપ્ત કરી છે. આ સફળતા ભરી સિધ્ધિ બદલ હાર્દિક અભિનંદન સાથે ભવિષ્યની ઉજવણી કામના માટે શુભેચ્છા

# માલ પરિવહનમાં અગ્રણી

ગુજરાતમાં પશ્ચિમ રેલવેના કચ્છ એરિયામાં સૌથી વધુ માલ પરિવહન થાય છે. એપ્રિલ થી ઓક્ટોબર ૨૦૨૫ના સાત માસના ગાળામાં ઔદ્યોગિક વપરાશનું મીઠું ૧૭.૨૭ લાથ ટન, ખાદ્ય ભીઠું ૧૧.૧૯ લાખ ટન અને કન્ટેનર માલ સામાન ૧૦૫.૮૬ લાખ ટન લોડ કરવામાં આવ્યું હતું.



# સંજીવની યોજનાના આશ્રય દાતાની ઉદારતાને અનુમોદના

કચ્છ સાંયરાના અણમોલ રત્ન એવા શેઠશ્રી રતનશી કુંવરજી લોડાયાને ભાવપૂર્વક શ્રધ્ધાંજલિ અર્પતા કચ્છ નલિયા ડોંબિવલીના શ્રીમતી શોભાબેન લલિતભાઈ નાગડાએ સમસ્ત મહાજનની મેંડિકલ સમિતિની સંજીવની યોજનામાં રૂા.૧૧ હજારનું ઉદાર અનુદાન જમા કરાવ્યું છે. તેમની ઉદારતા ભાવનાને નમન કરી અનુમોદના કરીએ છીએ.

દયા એટલે પોતાના સમય, પ્રતિભા અને સંશાધનોનો નિષ્ઠાપૂર્વક અને સ્વૈચ્છિક ઉપયોગ કરીને પારકાઓના જીવનને વધુ સારું બનાવવા માટે કરૂણ, ઉદારતા અને સેવાના સાચા કાર્યો દ્વારા ઉપયોગી બને એ સાચી કરૂણતા અને માનવતા છે.

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | : Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | : Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | : Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | : ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# ભાવભીની શ્રદ્ધાંજલિ



**હર્ષાબેન મોમાયા**
તા.૧૦ નવેમ્બર (ઉ.૭૦)
સાંયરા-નાસિક



**મહેન્દ્રભાઈ ખોના**
તા.૧૨ નવેમ્બર (ઉ.૫૬)
સુખપર-ઘાટકોપર



**નિર્મલાબેન લાલકા**
તા.૧૩ નવેમ્બર (ઉ.૮૩)
વારાપધર-ડોંબિવલી



**હીરાચંદભાઈ લોડાયા**
તા.૧૪ નવેમ્બર (ઉ.૯૦)
કોઠારા-અંબરનાથ



**નર્મલાબેન વિકમશી**
તા.૧૪ નવેમ્બર (ઉ.૮૪)
પરજાઉ-ઈંદોર



**લલિતભાઈ છેડા**
તા.૧૫ નવેમ્બર (ઉ.૯૦)
જસાપર-અમદાવાદ



**લક્ષ્મીબેન નાગડા**
તા.૧૫ નવેમ્બર (ઉ.૭૫)
સાંધાણ-ભાંડુપ



**વિજયભાઈ પોલડિયા**
તા.૧૫ નવેમ્બર (ઉ.૬૩)
ડુમરા-ડોંબિવલી



**લક્ષ્મીચંદ મોમાયા**
તા.૧૫ નવેમ્બર (ઉ.૮૪)
સાયરા-ડોંબિવલી

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**

# આગામી સમય દરમ્યાન થનારા કેડીઓ જ્ઞાતિના વિવિધ કાર્યક્રમોની યાદી

**શ્રી ક.દ.ઓ. જ્ઞાતિમાં વિવિધ સંસ્થાઓ, મહાજનો, સંઘો દ્વારા ધાર્મિક, સાંસ્કૃતિક, સામાજિક અને શૈક્ષણિક ઉપયોગી પ્રવૃત્તિઓ આગામી જુલાઈથી સપ્ટેમ્બર માસ દરમ્યાન થવાની નિર્ધારીત છે. તેની તારીખ અને ટૂંકમાં વિગત અત્રે આપી છે. જે જ્ઞાતિજનોને ઉપયોગી થશે.**

| | |
|---|---|
| તા. ૧૬ થી ૨૭ નવેમ્બર ૨૦૨૫ | શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન શ્રી સીમંધરસ્વામી નુતન જિનાલય પ્રતિષ્ઠા મહોત્સવ, નાસિક |
| તા. ૨૦ થી ૨૧ નવેમ્બર ૨૦૨૫ | કચ્છની મોટી પંચતીર્થીના પ્રવેશદ્વાર શ્રી સાંધાણ તીર્થે જિનાલયની ૧૭૩ મી વર્ષગાંઠ નિમિત્તે તા. ૨૦ ના અઢાર અભિષેક તથા તા. ૨૧ ના ધ્વજારોહણ. |
| તા. ૨૨ નવેમ્બર ૨૦૨૫ | નલિયાના ખોના કુળ ગોત્રના શ્રીજીપીર બાપાના સ્થાનકે સમુહ પહેડી પ્રસાદ ખોના ફલિયા, નલિયા સવારના ચડતે પહોરે. |
| તા. ૨૯ નવેમ્બર ૨૦૨૫ | શ્રી કચ્છી દશા ઓશવાલ મંડળ-ડોંબિવલી સાંસ્કૃતિક કાર્યક્રમ |
| તા. ૨૭ ડિસેમ્બર ૨૦૨૫ | કચ્છી દશા ઓશવાલ મંડળ-ડોંબિવલી, ટ્રેડ ફેર, ટ્રેઝરહન્ટ, મનોરંજન સહ ફુડ સ્ટોલ |
| તા. ૧૩ થી ૧૪ ડિસેમ્બર ૨૦૨૫ | કચ્છી દશા ઓશવાલ મંડળ-ડોંબિવલી સિનિયર સિટીઝન પિકનીક |
| તા. ૨૮ ડિસેમ્બર ૨૦૨૫ | કચ્છી દશા ઓશવાલ મંડળ-ડોંબિવલી વન ડે પિકનીક |
| તા. ૦૯ થી ૧૨ જાન્યુઆરી ૨૦૨૬ | પાલિતાણા સાધર્મિક યાત્રા (અનાજ કિટ, વૃદ્ધ પેન્શન, મેડીકલ સહાય લેતા વડિલો માટે) |
| તા. ૨૫ જાન્યુઆરી ૨૦૨૬ | કચ્છી દશા ઓશવાલ મંડળ-ડોંબિવલી રંજન સંધ્યા |

# રાજ્ય ગુના શોધનમાં પૂર્વ કચ્છ ત્રીજી વખત ટોચ પર

કચ્છમાં નેત્રમ પ્રોજેક્ટના પરિણામે પૂર્વ કચ્છના, ખાસ કરીને ગાંધીધામ વિસ્તારના અનેક ગંભીર ગુનાના શોધનમાં દુર્દાંત અને આદી ગુનેગારો ઝડપી ન્યાયના દરવાજે પહોંચાડાયા છે. ક્રાઈમ ડિટેક્શન (ગુના શોધન કામગીરીમાં પૂર્વ કચ્છ ત્રીજી વખત ૪૦૨ ગંભીર ગુનાની તપાસણી સફળ થતાં ડીજીપી વિકાસ સહાયના હસ્તે પુરસ્કાર એનાયત કરાયો છે.

# નલિયા જખૌ પોર્ટ અને વાયોર લાઈન

આપણા વતન કચ્છમાં હાલ રેલવેના કામ ધમધોકાર ચાલી રહ્યા છે. મુખ્ય ધ્યાન ભુજ રેલવે સ્ટેશનમાં પાયાની સુવિધાઓ વધારવા માટે આગામી પચાસ વરસની જરૂરિયાત મુજબ અમૃત ભારત સ્ટેશન સહિત કામો નલિયાથી જખૌ પોટ અને નલિયાથી વાયોર રેલવે લાઈનના કામ પ્રગતિ પર છે.

# ભુજ સુવર્ણ પ્રાશન કેમ્પ

સરકારી આયુર્વેદિક હોસ્પિટલ ભુજ અને સંસ્કૃતિ આર્ય ગુરૂકુલમ દ્વારા ભુજત ખાતે તા.૧૧ નવેમ્બર મંગળવારના દિને જન્મથી ૧૨ વર્ષ સુધીના બાળકોને સવારના ૮.૩૦ થી ૧૨.૩૦ કલાક અને સાંજે ૪ થી ૫.૩૦ દરમિયાન સ્વર્ણપ્રાશન ડ્રોપ્સનું પાન કરાવાશે. ઉપરાંત રક્તાલ્પતા (એનિમિક) અને કુપોષણ પીડિત બાળકોને શક્તિ વર્ધક અને રક્તવર્ધક આયુર્વેદિક અને હોમિયોપેથિક દવાઓ નિઃશુલ્ક આપવા ઉપરાંત કિશોરીઓ, સગર્ભા માતાઓ અને ધાત્રી (સ્તનપાન) માતાઓને માર્ગદર્શન અને ઔષધ અપાશે.



# વતનજા વાવડ ...



– સં. રાજન ચંદે 'ધૂની'

● ઐતિહાસિક તેમજ સાંસ્કૃતિક ધરોહર હડપ્પા સ્થળ ધોળાવીરા, પૌરાણિક મહત્વ ધરાવતા નારાયણ સરોવર અને લખપતનો બહોળા પ્રમાણમાં વિકાસ થાય તેવા ઘટનાક્રમમાં ધોળાવીરા, દેશલપર, હાજીપીર, લુણા, વાયોર અને લખપતને જોડતી ૧૪૫ કિ.મી.ની નવી રેલ લાઈનને વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય મંત્રી મંડળે રૂ.૨૫૨૬ ખર્ચની આ યોજનાને મંજૂરી આપી છે. આ પ્રોજેક્ટ ૩ વર્ષમાં પૂર્ણ કરાશે. આને લીધે મીઠું, સિમેન્ટ, કોલસો, કિલકર અને બેન્ટોનાઈટના પરિવહનને સરળ બનાવવા સાથે કચ્છના રણ, ધોળાવીરા, નારાયણ સરોવર, કોટેશ્વર, તીર્થધામ અને લખપત કિલ્લાને જોડીને પ્રવાસનને પણ મોટો વેગ મળશે. આ લાઈન હેઠળ ૧૩ નવા રેલ્વે સ્ટેશન બનાવવામાં આવશે. જેનાથી ૮૬૬ ગામડા અને લગભગ ૧૬ લાખ લોકોને ફાયદો થશે.

● રાજાશાહી વખતમાં કચ્છના ખેતીવાડીથી માંડી ઘર માલિકીના મિલકતના આધારો, સુડબુક, હાલીમાજી ટિપ્પણ જેવા ૧૦૦ વર્ષ જૂના દસ્તાવેજ મેળવવા અત્યંત કઠિન હોવા છતાં કચ્છના જમીન દફતર-ડીઆઈએલઆરની કચેરી દ્વારા અરજદારોને આપવામાં આવતા હોય છે. પરંતુ જર્જરિત પાનાવાળા અંદાજે એક લાખ પાનાને કચડેકમઢી કોમ્પ્યુટરના એક ક્લિકમાં હવે આપવાનું શરૂ થતાં કચ્છના ઈતિહાસ માટે આ એક મહત્વની કામગીરી ગણવામાં આવે છે. કચ્છના ૯૨૧ ગામડાઓમાંથી ૮૦૦ જેટલા ગામના રેકોર્ડ ડિજીટાઈઝેન કરી દેવાયા છે. છતાં અમુક ગામોની કામગીરી ચાલુ છે.

● અબડાસા તાલુકાના સુથરી ગામ નજીક આવેલા ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી બળવંતરાય મહેતાના શહીદ સ્મારકની હાલત આજે જર્જરિત અને ખંડેર જેવી છે. દોઢ વર્ષ અગાઉ ગુજરાત પ્રવાસન વિભાગ દ્વારા એક કરોડના ખર્ચે આ સ્મારકના વિકાસ અને નવીનીકરણની જાહેરાત કરવામાં આવી હતી. પણ હજુ સુધી કોઈ કામ શરૂ ન થતાં લોકો દુઃખી છે. તા.૧૯ સપ્ટેમ્બર ૧૯૬૫ના તાત્કાલિન મુખ્યમંત્રી જ્યારે અબડાસાના સુથરી પાસેના દરિયાઈ વિસ્તારમાં યુધ્ધ પરિસ્થિતિનું નિરીક્ષણ કરી રહ્યાં હતા ત્યારે પાકિસ્તાની એર ફોર્સના પાઈલેટ દ્વારા ગોળીઓ ચલાવવામાં આવતાં મુખ્યમંત્રીનું વિમાન ક્રેશ થઈ સુથરી ગામ પાસે તૂટી પડ્યું હતું. જેના પગલે મુખ્યમંત્રી બળવંતરાય મહેતા તેમના પત્ની સરોજબેન મહેતા પત્રકાર કે.પી.શાહ, રેડિયોમેકેનિક એ.એમ.ડિસ્કોટા, વિમાન પાયલટ જે.એ. એજિનિયર, મિકિનલ વી.વી.ઐયર અને મદદનીશ ફ્રાન્સિસ ઝેવિયર્સે શહીદી વહોરી હતી.

● મૂળ માંડવી તાલુકાના ગઢશીશાના અને મુંબઈ સ્થિત પ્રખ્યાત કિડની રોગ નિષ્ણાત ડૉ. નરેન્દ્ર દેઢિયાને નવી દિલ્હી ખાતે નેફ્રોલોજીના ક્ષેત્રમાં નોંધપાત્ર કામગીરી બદલ પ્રતિષ્ઠિત દ્રોણાચાર્ય એવોર્ડ પ્રદાન કરાયો હતો. ડૉ. દેઢિયા આ એવોર્ડ પ્રાપ્ત કરનાર સંભવતઃ પ્રથમ વખત તબીબ અને કચ્છી છે. તેઓ નેફ્રોલોજીના ૩૫ વર્ષથી સિધ્ધ હસ્ત તબીબ છે. તેઓ મુંબઈની જે.જે.હોસ્પિટલ અને મેડિકલ કોલેજ ખાતે નેફ્રોલોજીના વડા તથા પ્રોફેસર તરીકે કાર્યરત છે. તેઓ બિદડા સર્વોદય ટ્રસ્ટ તથા ભુજ ખાતે નિદાન કેમ્પમાં આવતા રહ્યાં છે. તેમજ અગ્રણી સમાજ સેવક પૂર્વ ધારાસભ્ય સ્વ.તારાચંદભાઈ જગશી છેડાના પણ નિકટના સહયોગી રહ્યાં છે.

● સતત વરસાદ બાદ ઘેટાંબકરાંના પગમાં શરૂ થયેલી બીમારીને પગલે નખત્રાણા તાલુકામાં પશુ ચિકિત્સકની ટીમ દ્વારા વ્યાપક તપાસ કરાઈ હતી. અસરગ્રસ્ત પશુઓની સ્થળ પર સારવાર કરાઈ હતી. પશુઓને ઈન્જેકશન, પગમાં બીમારી હોય ત્યાં દવા, સહિત પગની કસરત તથા તકેદારીના ભાગરૂપે પગની યોગ્ય સફાઈ, નિયમિત દવા સહિતની પશુપાલકોને તાકીદ કરાઈ હતી. ઘણાં દિવસોથી પગ પાકવાની બીમારીની ફરિયાદ થતાં તંત્ર જાગૃત થયું હતું. માલધારીઓને દવા સહિત જરૂરી માર્ગદર્શન આપી હૈયા ધારણા આપી હતી.

# ARIHANT BANK

## SHRI ARIHANT CO-OP. BANK LTD.

With **LOWEST INTEREST** Rates,
we are still very much **Co-operative**

★ STAMP FRANKING Now Available

HOME LOAN

CAR LOAN

eAUTO LOAN

2 WHEELER LOAN

GOLD LOAN

*7.49% (p.a.)

*8.49% (p.a.)

SOLAR LOAN

TRADE LOAN

LOAN AGAINST PROPERTY

*ROI linked to the CIBIL score.
Terms & conditions apply

**Head Office : GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083**

| Bhandup (West) | Borivali (West) | Dombivli (East) | Ghatkopar (East) | Ghatkopar (West) |
|---|---|---|---|---|
| 86526 30381 | 86526 30390 | 86526 30386 | 86526 30383 | 86526 30385 |

| Masjid Bunder | Matunga | Mulund (West) | Thane (West) | Vashi | Kamothe |
|---|---|---|---|---|---|
| 86526 30384 | 86526 30389 | 86526 30382 | 86526 30388 | 86526 30387 | 86521 19656 |

**SADA AAPKE SANG, ARIHANT**

For More Details, Call Nearest Branch or

**Toll Free : 1800 221 984**

**Working Hours :** 10:30 am to 05:30 pm **(Except Bank Holidays)**

SADA AAPKE SANG, ARIHANT | www.arihantbank.com | @ Arihant Bank